For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સાંજે ૬ વાગ્યે સભા આટોપી લેવાની જાહેરાત થતાં જ ભાજપ-કોંગ્રેસ આમને-સામને

# મનપાની સામાન્ય સભા તોફાની બની

## હરણી હોનારત અને નશાખોરીના મુદ્દે કોંગ્રેસનો દીવો પ્રગટાવી અનોખો વિરોધ

**મેયર** ગીતા મકવાણા અને વિપક્ષી કોર્પોરેટરો વચ્ચે શાબ્દિક યુદ્ધ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૯

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે ભારે ગરમાવો અને હંગામા વચ્ચે યોજાઈ હતી. વિપક્ષી કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવેલા અનોખા અને આક્રમક વિરોધ પ્રદર્શનોને કારણે શાસક પક્ષ અને વિપક્ષ આમને-સામને આવી ગયા હતા. સભા શરૂ થતાં જ વિવિધ જનહિતના અને સુરક્ષાને લગતા મુદ્દાઓને લઈને ગૃહમાં તોફાની વાતાવરણ સર્જાયું હતું.

સભા દરમિયાન સૌનું ધ્યાન ત્યારે ખેંચાયું જ્યારે વિપક્ષના સભ્યો અચાનક હાથમાં સળગતો દીવો લઈને સભાખંડમાં પહોંચ્યા હતા. તેમણે સભાના ટેબલ પર દીવો પ્રગટાવીને હરણી બોટ દુર્ઘટનામાં માસૂમ બાળકો અને નાગરિકોએ ગુમાવેલા જીવ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. શાસક પક્ષ સામે રોષ વ્યક્ત કરતા તેમણે આ દુર્ઘટનાના જવાબદારો સામે નક્કર કાર્યવાહી ન થવાનો આરોપ લગાવ્યો હતો.

આ સાથે જ કોંગ્રેસના અન્ય કોર્પોરેટર તીર્થ બ્રહ્મભટ્ટે શહેરમાં દિન-પ્રતિદિન વધતી જતી નશાખોરી, કાયદો-વ્યવસ્થાની કથળતી સ્થિતિ અને સામાન્ય નાગરિકોને રોજિંદા જીવનમાં પડતી વિવિધ મુશ્કેલીઓ દર્શાવતા લખાણવાળા બોર્ડ અને પોસ્ટરો સાથે ગૃહમાં વિરોધ દર્શાવ્યો હતો. વિપક્ષે દાવો કર્યો હતો કે પાલિકા તંત્ર અને શાસકો નિંદ્રાધીન છે અને આ ગંભીર મુદ્દાઓ તરફ તંત્રનું ધ્યાન દોરવા માટે જ તેમને આ પ્રકારના વિરોધનો માર્ગ અપનાવવો પડ્યો છે.

સભામાં તંગદિલી ત્યારે વધુ વધી ગઈ જ્યારે સાંજે ૬ વાગ્યે સભા પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી. સમયસર સભા આટોપી લેવાના આ નિર્ણય સામે વિપક્ષી નેતાઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે શાસક પક્ષ વિપક્ષના પ્રશ્નો અને પ્રજાના અવાજથી બચવા માટે સભા વહેલી આટોપી લેવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ મુદ્દે ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે તીખી બોલાચાલી અને સૂત્રોચ્ચાર થયા હતા.



### પ્રજાના પ્રશ્નો માટે દીવો પ્રગટાવી આંખો ખોલવાનો પ્રયાસ : વિપક્ષ

"હરણી બોટ દુર્ઘટનામાં નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યા છતાં તંત્ર હજુ સુધી જાગ્યું નથી અને પીડિતોને ન્યાય મળ્યો નથી. શહેરમાં નશાખોરી અને અસામાજિક પ્રવૃત્તિઓ ચરમસીમાએ છે. જ્યારે અમે પ્રજાના આ મહત્વના પ્રશ્નો ગૃહમાં ઉઠાવવા માંગીએ છીએ, ત્યારે ૬ વાગ્યે સભા પૂર્ણ કરી શાસક પક્ષ ચર્ચામાંથી ભાગી રહ્યો છે. પ્રજાના અવાજને વાચા આપવા અને તંત્રની આંખો ખોલવા માટે જ અમે દીવો પ્રગટાવીને આ વિરોધ નોંધાવ્યો છે."

### ગૃહમાં નાટક કરીને સમય બગાડવાને બદલે સકારાત્મક ચર્ચા કરે" : મેયર

સામાન્ય સભા એ શહેરના વિકાસ કામો અને પ્રજાકીય પ્રશ્નોની સકારાત્મક ચર્ચા માટેનું એક જવાબદાર મંચ છે. વિપક્ષ દ્વારા ગૃહમાં આ પ્રકારે નાટક અને હંગામો કરીને પ્રજાનો સમય બગાડવો યોગ્ય નથી. પાલિકા તંત્ર નિયમોનુસાર જ કામગીરી કરી રહ્યું છે અને રજૂ થતા તમામ વ્યાજબી મુદ્દાઓ પર યોગ્ય ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સભાની કાર્યવાહી નિયમો અને નિર્ધારિત સમયપત્રક મુજબ જ ચલાવવામાં આવી છે.

વડોદરા મનપાની સ્ટેન્ડિંગ કમિટીમાં ૭ દરખાસ્તો પર ચર્ચા, ૫ને મંજૂરી અને ૨ નામંજૂર

# વધારાના ૧૦ ટ્રેક્ટર-ટ્રોલી ખરીદાશે, ડ્રેન માસ્ટર પોકલેનનો કોન્ટ્રાક્ટ વધુ એક માસ લંબાવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની અગત્યની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કુલ ૭ દરખાસ્તો પૈકી ૬ મુખ્ય અને ૧ વધારાની દરખાસ્ત પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શહેરના વિકાસ અને વહીવટી કામગીરીને લગતી ૫ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે ૨ દરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી.

શહેરના ગાર્ડન વિભાગ સહિતની કામગીરી માટે વાહનોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી મિકેનિકલ ખાતાની દરખાસ્તને મંજૂરી અપાઈ હતી. અગાઉ જે એજન્સી પાસેથી વાહનો ખરીદવામાં આવ્યા હતા, તેને જ રિપીટ ઓર્ડર આપી વધારાના ૧૦ ટ્રેક્ટર અને ટ્રોલી ખરીદવાનો નિર્ણય લેવાયો છે.



શહેરમાં કાંસ અને ગટરની સફાઈ કામગીરી માટે ભાડે લેવામાં આવેલા ડ્રેન માસ્ટર ફ્લોટિંગ પોકલેન મશીનનો કોન્ટ્રાક્ટ વધુ એક માસ લંબાવવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ચીફ ઓડિટર દ્વારા રજૂ કરાયેલા ઓડિટ રિપોર્ટ સંબંધિત બિલોની ચકાસણી તથા પ્લસ-માઈનસની દરખાસ્તને મંજૂરી મળી હતી. મિલકત શાખાની પે એન્ડ પાર્કિંગના ઈજારા સંબંધિત દરખાસ્ત પણ મંજૂર કરવામાં આવી હતી. બીજી તરફ, સમા વિસ્તારમાં શાળા બનાવવા અંગેની દરખાસ્ત નામંજૂર કરાઈ હતી. જે પ્લોટ પર રાજ્ય સરકારના સર્વ શિક્ષા અભિયાન હેઠળ પહેલેથી જ શાળાનું બાંધકામ ચાલી રહ્યું હોવાથી આ નિર્ણય લેવાયો હતો. ઉપરાંત જનસંપર્ક વિભાગની તા.૪ ઓક્ટોબર, ૨૦૨૩થી પડતર જૂની દરખાસ્ત પણ નામંજૂર કરાઈ હતી. વડોદરાની ગરબા અને સાંસ્કૃતિક પરંપરાને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં નવી યોજનાઓ અંગે નિર્ણય લેવાશે.

મકરપુરાની રાધે રેસિડેન્સીના પાંચમા માળેથી પડતું મૂકી

# માંજલપુરની અંબે વિદ્યાલયની ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીનો પાંચમા માળેથી મોતનો ભૂસકો

**સ્કૂલમાં** બનેલી કાઈ અજુગતુ બન્યુ હોય ડિપ્રેશનમાં આવી હોવાનો પરિવારનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરાના મકરપુરા વિસ્તારમાં ધોરણ-10માં અભ્યાસ કરતી 16 વર્ષની વિદ્યાર્થિનીએ પાંચમા માળેથી પડતું મૂકી આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. માંજલપુરની અંબે સ્કૂલમાં અભ્યાસ કરતી એસા રેડીના શનિવારે સ્કૂલેથી ઘરે પરત આવ્યા બાદ ઘરમાં જવાને બદલે સીધી બિલ્ડિંગની ટેરેસ પર પહોંચી હતી અને ત્યાંથી નીચે છલાંગ લગાવી હતી. પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે સ્કૂલમાં તેની સાથે કોઈ ઘટના બની હોવાના કારણે તે ડિપ્રેશનમાં આવી ગઈ હતી. જોકે, આપઘાતનું ચોક્કસ કારણ જાણવા મકરપુરા પોલીસે તપાસ શરૂ કરી છે.

વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી રાધે રેસિડેન્સીમાં શનિવારે ધોરણ-10ની વિદ્યાર્થિની એસા રેડીનાએ પાંચમા માળેથી પડતું મૂકી આપઘાત કરી લેતાં અરેરાટી ફેલાઈ હતી. 16 વર્ષની એસા માંજલપુરની અંબે સ્કૂલમાં ધોરણ-10માં અભ્યાસ કરતી હતી.

મળતી માહિતી મુજબ, શનિવારે સ્કૂલેથી છૂટ્યા બાદ એસા ઘરે પરત આવી હતી. જોકે, ઘરે ગયા બાદ તે સીધી પોતાના બિલ્ડિંગની ટેરેસ પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ પાંચમા માળેથી નીચે છલાંગ લગાવતા ગંભીર ઈજાઓના કારણે તેનું મોત થયું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો તથા આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ મકરપુરા પોલીસને થતાં પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. વિદ્યાર્થિનીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા થઈ નથી. દરમિયાન પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો છે કે સ્કૂલમાં તેની સાથે કોઈ ઘટના બની હતી અને તેના કારણે એસા ડિપ્રેશનમાં આવી ગઈ હતી. પરિવારજનોના જણાવ્યા મુજબ, સ્કૂલમાંથી છૂટીને આવ્યા બાદ જ તે ઘરમાં નહીં જતાં સીધી ટેરેસ પર પહોંચી હતી અને ત્યાંથી છલાંગ લગાવી હતી. જોકે, સ્કૂલમાં ખરેખર શું બન્યું હતું અને તેનો આપઘાત સાથે કોઈ સંબંધ છે કે કેમ તે અંગે હાલ સત્તાવાર રીતે કોઈ વિગતો સામે આવી નથી.

મકરપુરા પોલીસે પરિવારજનો તથા સંબંધિત વ્યક્તિઓની પૂછપરછ સહિતની તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસ બાદ જ વિદ્યાર્થિનીના આપઘાત પાછળનું ચોક્કસ કારણ બહાર આવશે.

### સ્કૂલ બેગ અને બોટલ પણ અગાસી પર જ મુકેલા મળ્યા



સ્કૂલમાંથી છૂટ્યા બાદ સગીરા બસમાં બેસીને ઘરે પહોંચી હતી. જોકે, ઘરે પહોંચ્યા બાદ પરિવારજનોને મળ્યા વગર સીધી બિલ્ડિંગની અગાસી પર પહોંચી ગઈ હતી. અગાસી પર તેણે બેગ, પાણીની બોટલ અને ચંપલ પણ મૂકી દીધા હતા. ત્યારબાદ પાંચમા માળેથી નીચે પડતું મૂકતાં તેનું મોત થયું હતું. બનાવને પગલે મકરપુરા પોલીસે તપાસ શરૂ કરી છે. સગીરા સ્કૂલથી ઘરે પહોંચ્યા ત્યાં સુધી શું બન્યું હતું તે જાણવા સ્કૂલ બસના ડ્રાઇવર અને કંડક્ટર સહિતના સ્ટાફની પણ પૂછપરછ કરાશે.

### પરિવારના સભ્યો તથા ફ્રેન્ડ સર્કલના પણ નિવેદન લેવાશે

ACP વી.પી. ગામિતે જણાવ્યું કે ધોરણ-10માં અભ્યાસ કરતી 15 વર્ષીય વિદ્યાર્થીનીએ એપાર્ટમેન્ટના ધાબા પરથી કૂદીને આપઘાત કર્યો છે. શનિવારે સવારે 6થી 11 વાગ્યા સુધી શાળાનો સમય પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીની ઘરે જવાને બદલે એપાર્ટમેન્ટના ધાબા પર પહોંચી હતી અને ત્યાંથી નીચે કૂદતા તેનું મોત થયું હતું. પડોશીએ પરિવારને જાણ કરતા તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મકરપુરા પોલીસે મૃતકના પિતાની જાહેરાત લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. હાલ આપઘાતનું ચોક્કસ કારણ સ્પષ્ટ નથી. શાળાના મિત્રો, ક્લાસમેટ્સ અને બહેનપણીઓની પૂછપરછ કરી કારણ જાણવા તપાસ કરવામાં આવશે.

### સ્કૂલના ટીચરે કહ્યું દીકરી આવે ત્યારથી ડિપ્રેશનમાં લાગતી હતી

સગીરાના આપઘાત બાદ મકરપુરા પોલીસની ટીમે સ્કૂલમાં પહોંચી તપાસ હાથ ધરી હતી. શિક્ષકની પૂછપરછમાં જાણવા મળ્યું કે, સગીરા સ્કૂલમાં આવી ત્યારથી જ ડિપ્રેશનમાં રહેતી હતી. ઉપરાંત તે અન્ય વિદ્યાર્થીઓ કે કોઈની સાથે ખાસ બોલતી-ચાલતી ન હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### એમ્બ્યુલન્સ કે ૧૦૮ ન આવતા બે કલાક સુધી મૃતદેહ પડી રહ્યો

મકરપુરામાં ધોરણ-10ની વિદ્યાર્થીનીએ પાંચમા માળેથી કૂદીને આપઘાત કરતા વિસ્તારમાં ચકચાર મચી હતી. ફ્લેટ તથા આસપાસના રહીશો મોટી સંખ્યામાં બહાર દોડી આવ્યા હતા. બાળકીની લાશ ફ્લેટ પાસે દોઢથી બે કલાક સુધી પડી રહી હોવા છતાં 108 કે એમ્બ્યુલન્સ ન પહોંચતા પરિવારજનો અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો.

રૂ.૪૦થી ૪૫ હજાર પગાર, રહેવા-જમવા અને મેડિકલ સુવિધાની લાલચ આપી હતી

# મલેશિયામાં નોકરીના નામે હાલોલના સુપરવાઈઝર સાથે રૂ.૧લાખની છેતરપિંડી

**વર્ક** વિઝાના બદલે વિઝિટર વિઝા આપી મોકલ્યા, પરત ફર્યા બાદ રકમ આપવાનો ઇનકાર

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વિદેશમાં સારી નોકરી અને કમાણીની લાલચમાં હાલોલના 58 વર્ષીય સિક્યુરિટી સુપરવાઈઝર સાથે છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. મલેશિયામાં રૂ.40થી 45 હજાર પગાર ઉપરાંત રહેવા-જમવા અને મેડિકલ સુવિધા આપવાની ખાતરી આપી રૂ.1 લાખથી વધુ રકમ લીધા બાદ વર્ક વિઝાના બદલે વિઝિટર વિઝા પર મલેશિયા મોકલવામાં આવ્યા હતા. આ અંગે સુપરવાઈઝરે નારાયણી કન્સલ્ટન્સીના સંચાલક સામે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

હાલોલના ધવલપાર્ક સોસાયટીમાં રહેતા કરણસિંહ જાદવે ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ સિક્યુરિટી એજન્સીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. વધુ કમાણી માટે વિદેશ જવાની ઈચ્છાથી અખબારમાં નારાયણી કન્સલ્ટન્સીની જાહેરાત જોઈ સંપર્ક કર્યો હતો. સંચાલક ગૌરવ શુક્લાએ શરૂઆતમાં અર્મેનિયા અને મોરેશિયાના વર્ક વિઝાની વાત કરી હતી અને બાદમાં રૂ.1 લાખમાં મલેશિયાનો વર્ક વિઝા બનાવી આપવાની ખાતરી આપી હતી. કરણસિંહે 19 સપ્ટેમ્બરે રૂ.30 હજાર અને 27 સપ્ટેમ્બરે રૂ.55 હજાર ગુગલ-પેથી ચૂકવ્યા હતા.

રૂ.50ના સ્ટેમ્પ પેપર પર કરાર કરી મલેશિયામાં નોકરી, પગાર અને સુવિધાઓ નક્કી કરાઈ હતી. જોકે, વર્ક વિઝાના બદલે એક મહિનાના વિઝિટર વિઝા પર મોકલાયા હતા. 13 ઓક્ટોબરે મલેશિયા પહોંચ્યા બાદ સ્થાનિક એજન્ટને રૂ.15 હજારથી વધુ ચૂકવ્યા હતા. ત્યાં કંપની સંચાલકે શરૂઆતનો પગાર માત્ર રૂ.22 હજાર અને જમવાનું મફત નહીં હોવાનું જણાવ્યું હતું.

વિઝિટર વિઝા હોવાથી આગળ મુશ્કેલી સર્જાવાની જાણ થતાં કરણસિંહે ગૌરવ શુક્લાનો સંપર્ક કરી પરત આવવાની ટિકિટ રદ ન કરવા જણાવ્યું હતું. તેમ છતાં ટિકિટ રદ થઈ જતા તેઓ એક મહિનો મલેશિયામાં રોકાયા બાદ 10 નવેમ્બર 2025ના રોજ ભારત પરત આવ્યા હતા. નક્કી કરાયેલા પગાર, જમવાના ખર્ચ અને ટિકિટના નાણાંની માગણી કરતાં રકમ આપવાનો ઈનકાર કરાયો હતો. તેથી તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## આજે મુખ્યમંત્રી હસ્તે ગંભીરા બ્રિજ સહિત વિકાસકાર્યોનું લોકાર્પણ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તા.20 સપ્ટેમ્બરે રવિવારે બપોરે 3 વાગ્યે વરણામા ખાતે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જિલ્લા વહીવટી તંત્રના આયોજનમાં વડોદરા શહેર-જિલ્લાને રૂ.1,273 કરોડના વિકાસકાર્યોની ભેટ મળશે. આ પ્રસંગે નવનિર્મિત ગંભીરા બ્રિજ અને ડો. બાબાસાહેબ આંબેડકર મેમોરિયલનું લોકાર્પણ કરાશે.

રૂ.25 કરોડથી વધુના ખર્ચે ફતેગંજ નજીક આંબેડકર મેમોરિયલ બનાવાયું છે. તેમાં બાબાસાહેબના જીવનપ્રસંગોના મ્યુરલ્સ, ભાષણોનો વર્ચ્યુઅલ અનુભવ, પ્રદર્શન તેમજ લાઇટ-સાઉન્ડની સુવિધા છે. રૂ.212 કરોડથી વધુના ખર્ચે બનેલા ગંભીરા બ્રિજથી વડોદરા-સૌરાષ્ટ્ર વચ્ચેનું પરિવહન અને આર્થિક જોડાણ વધુ સુગમ બનશે. વિદ્યાર્થીઓ અને કામદારોને પણ રાહત મળશે. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના વિકાસકાર્યો સહિત રાજ્ય સરકારના મંત્રીઓ, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

૬ DCP, ૧ ડઝનથી વધુ ACP સહિત પોલીસનો કાફલો તૈનાત

# આજે જુનીગઢીના ગણપતિની વિસર્જન યાત્રા નીકળશે, પોલીસ કાફલો ખડકાયો

**ડ્રોન,** બોડીવોર્ન કેમેરા અને CCTVથી યાત્રાના રૂટનું સતત મોનિટરિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

ગણેશ ચતુર્થીના સાતમા દિવસે આવતીકાલે યોજાનારી જુનીગઢીના ગણપતિની વિસર્જન યાત્રાને લઈને વડોદરા શહેર પોલીસે સુરક્ષાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. યાત્રાના રૂટથી નવલખી કૃત્રિમ તળાવ સુધી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ડોમિનેશન સાથે 'નેત્રમ' કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરથી ટેકનોલોજીની મદદથી સમગ્ર યાત્રા પર નજર રાખવામાં આવશે.

જુનીગઢી મિત્ર મંડળ દ્વારા આયોજિત યાત્રાના સમગ્ર રૂટનું પોલીસ અધિકારીઓએ નિરીક્ષણ કરી આયોજકો



સાથે બેઠક યોજી હતી. યાત્રા દરમિયાન આગળ-પાછળ, ફ્લૅન્ક, ડી-પોઈન્ટ અને ધાબા પોઈન્ટ સહિતના વ્યૂહાત્મક સ્થળોએ પોલીસ જવાનો તૈનાત રહેશે. સંવેદનશીલ વિસ્તારોમાં સેનિટાઇઝેશન અને સ્થાનિકો સાથે સંકલન પણ કરવામાં આવ્યું છે.

નવલખી તળાવ ખાતે પ્રતિમા વિસર્જન માટે ક્રેન સહિતની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. બંદોબસ્તમાં એક જોઈન્ટ પોલીસ કમિશનર, 6 ડીસીપી, એક ડઝનથી વધુ એસીપી તથા 100થી વધુ પીઆઈ અને પીએસઆઈ ફરજ બજાવશે. DCB, SOG અને PCBની ટીમો ઉપરાંત CAPFની 4 અને SRPFની 5 કંપની પણ તૈનાત રહેશે.

CCTV, બોડીવોર્ન કેમેરા, ડ્રોન, વિડિયો એનાલિટિક્સ અને GPS સિસ્ટમથી સતત મોનિટરિંગ કરાશે. અસામાજિક તત્વો પર પણ ખાસ નજર રહેશે. પોલીસે ભક્તો અને આયોજકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા તથા શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી છે.

### ગોરવામાં પોલીસ અને CISFનું ફૂટ પેટ્રોલિંગ



ગણેશોત્સવને લઈ ગોરવા પોલીસ સક્રિય બની છે. એસીપી બી ડિવિઝનની અધ્યક્ષતામાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તથા CISF જવાનો દ્વારા ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારના સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું. તહેવાર દરમિયાન શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સઘન તકેદારી રાખવામાં આવી રહી છે.

NCISMએ 620 બેઠકો પર માર્યું તાળું

# વાઘોડિયાની સુમનદીપ સહિત રાજ્યની ૭ આયુર્વેદ કોલેજોની માન્યતા રદ

**ઓચિંતા** નિરીક્ષણમાં ચોંકાવનારા તથ્યો બહાર આવતા કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

ગુજરાતમાં આયુર્વેદ શિક્ષણના નામે ચાલતા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. વિદ્યાર્થીઓ પાસેથી લાખોની ફી વસૂલીને સુવિધાના નામે મીંડુ પીરસતી 7 ખાનગી આયુર્વેદ કોલેજો સામે નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસીનેકડક કાર્યવાહી કરી છે.

એનસીઆઈએસએમ એક્ટ 2020ની કલમ 28 અને 29 હેઠળ 7 કોલેજોની શૈક્ષણિક વર્ષ 2026-27 માટેની માન્યતા રદ કરી બીએએમએસ કોર્સના નવા એડમિશન પર સંપૂર્ણ





પ્રતિબંધ મૂકી દેવાયો છે. જેના કારણે રાજ્યમાં એકસાથે 620 બેઠકો ઘટી ગઈ છે. આ યાદીમાં વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાની પીપળિયા સ્થિત સુમનદીપ આયુર્વેદ મેડિકલ કોલેજનો સમાવેશ થાય છે. 100 બેઠકો ધરાવતી આ કોલેજ સામે કાર્યવાહી થતા વડોદરા ઝોનના અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય પર સવાલ ઉભા થયા છે. એનસીઆઈએસએમની ટીમે કરેલા ઓચિંતા નિરીક્ષણમાં ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા હતા. કોલેજોમાં ન તો નિયત સંખ્યામાં ક્વોલિફાઈડ પ્રોફેસરો હતા, ન તો હોસ્પિટલમાં પૂરતા દર્દીઓ. લેબોરેટરી અને જરૂરી તબીબી સાધનોનો પણ અભાવ જોવા મળ્યો હતો.

### આ કોલેજો પર કરાયેલી કાર્યવાહી?

- » સુમનદીપ, વડોદરા (100)
- » નોબલ, જૂનાગઢ (100)
- » સરદાર, મહેસાણા (100)
- » ડાલિયા, ખેડા (100)
- » લીંબડી આયુર્વેદિક, લીંબડી (100)
- » જય જલારામ, ગોધરા (60)
- » શ્રીધર અતુલકુમાર જાની, અમરેલી (60)


# SSGHમાં સીટી સ્કેન થાય છે, પણ ઓરિજિનલ ફિલ્મ વિના દર્દીઓ પરેશાન

**કાગળ** પર રિપોર્ટ, ફિલ્મના અભાવે તબીબો માટે નિદાનમાં મુશ્કેલી

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરાની સયાજી હોસ્પિટલના સીટી સ્કેન વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. સારવાર માટે આવતા દર્દીઓ કલાકો સુધી લાઈનમાં ઊભા રહી સીટી સ્કેન કરાવ્યા બાદ તેમને ઓરિજિનલ ફિલ્મના બદલે માત્ર કાગળ પર રિપોર્ટ આપવામાં આવતો હોવાની ફરિયાદો સામે આવી છે. જેના કારણે દર્દીઓ તેમજ તબીબોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

તબીબી ક્ષેત્રના નિષ્ણાતોના મતે કેન્સર, અકસ્માતમાં થયેલી ગંભીર ઈજા કે મગજ સંબંધિત બીમારીઓના કેસમાં માત્ર લેખિત રિપોર્ટના આધારે સચોટ નિદાન કરવું મુશ્કેલ બની શકે છે. સીટી સ્કેનની ઈમેજના આધારે



જ રોગની સ્થિતિ, સારવારની દિશા અને સર્જરી અંગેના નિર્ણયો લેવામાં મદદ મળે છે.

મળતી માહિતી મુજબ સીટી સ્કેન ફિલ્મ સપ્લાય અને મશીન મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ ધરાવતી **VMS સપ્લાયર એજન્સી** દ્વારા સમયસર ફિલ્મ ઉપલબ્ધ ન કરાતી હોવાના આક્ષેપો છે. સાથે જ મશીનની જાળવણી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

મોટી સંખ્યામાં ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ સારવાર માટે નિર્ભર રહેતી સયાજી હોસ્પિટલમાં તંત્ર દ્વારા તાત્કાલિક વ્યવસ્થા કરી દર્દીઓને સીટી સ્કેનની ફિલ્મ નિયમિત રીતે ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

વરસાદની આગાહીને પગલે તંત્રે તાબડતોડ નિર્ણય બદલ્યો

# પદવીદાન સમારોહ માટે MSUમાં સાદો મંડપ રદ, જર્મન ડોમ બનાવવાનું શરૂ

**૮ હજાર** બેઠક ક્ષમતાનો વોટરપ્રૂફ ડોમ તૈયાર થશે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે 202 વિદ્યાર્થીઓને મેડલ એનાયત થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી ખાતે તા.23 સપ્ટેમ્બરના રોજ યોજાનાર 75મા ભવ્ય પદવીદાન સમારંભને લઈને યુનિવર્સિટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય બદલવામાં આવ્યો છે. વરસાદની આગાહીને પગલે યુનિવર્સીટી તંત્રની તાબડતોડ કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. જેમાં સાદો મંડપ રદ કરી જર્મન ડોમ બનાવવાનું શરૂ કરી દેવાયું છે

એમ.એસ.યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા એક સપ્તાહ પૂર્વે હેડ ઓફિસ



પાછળ આવેલા વિશાળ ગ્રાઉન્ડમાં પદવીદાન સમારોહ માટે સાદો મંડપ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જો કે, હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવતા અને વરસાદની દહેશતને ધ્યાનમાં રાખીને હવે યુનિવર્સિટી તંત્ર જાગ્યું છે. સત્તાધીશોને મોડે મોડે જ્ઞાન આવતા તાત્કાલિક ધોરણે સાદો મંડપ બનાવવાનું કામ રદ કરવામાં આવ્યું છે અને તેની જગ્યાએ રાતોરાત વોટરપ્રૂફ જર્મન ડોમ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ યુનિવર્સિટી હેડ ઓફિસ પાછળના ગ્રાઉન્ડમાં 8 હજાર લોકોની બેઠક વ્યવસ્થા સાથેના વિશાળ વોટરપ્રૂફ જર્મન ડોમ બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષનો પદવીદાન સમારોહ યુનિવર્સિટી માટે અત્યંત મહત્વનો છે, કારણ કે આ સમારોહમાં દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ખાસ ઉપસ્થિત રહેવાના છે અને તેમના વરદ હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે. યુનિવર્સિટી તંત્ર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ વખતે કુલ 202 વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવશે, જેમાં 127 વિદ્યાર્થિનીઓ અને 75 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. વિદ્યાર્થિનીઓની સંખ્યા વધુ હોવાથી આ વખતે દીકરીઓનું પ્રભુત્વ જોવા મળશે.